ફોજદારી કેસ નંબર - ________________

**આંક–૧ નીચે હુકમ.**

આંક–૧ ચાર્જશીટ લગત હુકમ

કેસ પેપર્સ વંચાણે લીધા. આરોપી સામેના આક્ષેપો જોતા આ કેસમાં પુરતા પ્રયત્નો કરવા છતા લાંબા સમયથી આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી. નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટી ના પત્ર જાવક નંબર એફ.નંબર એલ/૨૩/૨૦૧૪/નાલસા તારીખ ૨૦/ઓગષ્ટ/૨૦૧૪ મા આપેલ ગાઈડલાઈન ધ્યાનમા લેતા તેમા અદાલતને પડી રહેલ ડેડવુડ જોવા કેસોનો ક્રીમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ ૨૫૮ નીચે નીકાલ કરવા સુચના અપાયેલ છેતેને ધ્યાનમા લેતા અત્રેની કોર્ટે તેવા ડેડવુડ કેસોને આઈડેન્ટફાઈ કરી તે અંગે પબ્લીક પ્રોસીકયુટરનાં ધ્યાન પર લાવવામાં આવેલ છે.

નામદાર માનવંત સર્વોચ્ચ અદાલતે *પી.રામચંદ્રરાવ વિ.કર્ણાટક રાજય ૨૦૦૨(૨) જી.એલ.આર પાન નં. ૧૫૪૯* નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, "The criminal court should exercise their available powers, such as those under section 309,311,258 of the code of criminal procedure 1973 to effectuate the right to speedy trial" જે સિધ્ધાંત અત્રે ધ્યાનેં લેતાં પ્રસ્તુત કેસ જુનો છે તેમજ રેકર્ડ ધ્યાનેં લેતાં આરોપી પર વારંવાર પ્રોસેસ કરવા છતાં બજવણી થતી અનેં આરોપી નજીકનાં ભવિષ્યમાં મળી આવે તેવી કોઈ શકયતા જણાતી નથી.

રેકર્ડ ધ્યાનેં લેતાં ફરીયાદી–ત.ક.અમલદાર ધ્વારા પ્રોહિબિશન એકટ નીં કલમ–૬૬(૧)બી અનેં ૮૫(૧) બંને લગાડેલ છે પરંતુ કાયદાનાં પ્રબંધો ધ્યાનેં લેતાં જયારે આરોપી ધ્વારા નશાનીં હાલતમાં જાહેર સ્થળે કોઈ ઉપદ્રવ કે ઝઘડો કરે, અસભ્ય અથવા અશિષ્ટ ભાષા વાપરે,બીજા સાથે મારામારીમાં જોડાય,કોઈ સ્ત્રી સાથે ગેરવર્તન કરે કે અશ્લિલ વર્તન કરે તેવી સ્પષ્ટત હકિકત હોય તો જ ગુજરાત પ્રોહિબિશન (સુધારા) અધિનિયમ, ૨૦૧૬ નીં કલમ–૮૫(૧) મુજબનોં ગુનો બને છે. હાલનાં કેસનીં હકીકત ધ્યાનેં લેવામાં આવે તો આરોપીએ માત્ર નશો કરેલ હોય તેમજ કલમ–૮૫(૧) મુજબનાં આવશ્યક તત્વોનોં અભાવ હોય જેથી કલમ–૬૬(૧)બી મુજબનોં જ ગુનો બને છે. જેથી ઉપરોકત બંને કલમ એકીસાથે લાગી શકે તેમ ન હોવાનું જણાઈઆવે છે. જેથી આરોપીનેં કલમ–૮૫(૧) મુજબનાં ગુનામાંથી બિનતહોમત છોડી મુકવામાં આવે છે.

જેથી હવે ઈન્સાફી કાર્યવાહી આગળ વધારવી ઘણી જ મુશ્કેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોના ભરાવાના કારણે ઈફિકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીનેં અસર થતી હોય આવા કેસોના ભરાવાનુ ભારણ ઓછુ થાય અને ઈફિકટીવ કેસ તરફ પુરતુ ધ્યાન આપી શકાય તેવા શુભ આશય સાથે આ કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના હીત મા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૮ અન્વયે આ ફોજદારી કેસ ની ઈન્સાફી કાર્યવાહી પુરાવો નોંધ્યા વીના જ બંધ કરવાનો હુકમ કરવામા આવે છે.

**હુકમ**

- આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ ની કલમ–૨૫૮ અન્વયે સ્થગીત કરવાનો હુકમ કરવામાં આવે છે.
- સદર કામે જો આરોપીએ જામીનગીરી રકમ રોકડમાં જમા કરાવેલ હોય તો તે રકમ સી.આર.પી.સી. કલમ–૪૪૬ મુજબ સરકાર શ્રી ખાતે જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે મુદદામાલ અંગે જો અગાઉ હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અને બાકી રહેલ બિનકિંમતી મુદદામાલ અપીલ સમય વિત્યે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે જયારે કિંમતી મુદદામાલ અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ તા.૦૯/૦૩/૨૦૨૪ ના રોજ સ્પે.સિટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૦૯/૦૩/૨૦૨૪ એડી. જયુડી.મેજી.ફ.ક., અમદાવાદ(ગ્રામ્ય)
નવરંગપુરા કોર્ટ–સ્પે.સિટીંગ યુનીક કોડ નં. જી.જે.૦